
ગાંધીનગર સમાચાર

ડો. આંબેડકર ઓપન યુનિ.માં
ડિસ્ટન્સ લર્નિંગ કોર્સની પ્રવેશ પ્રક્રિયા

# કુડાસણના ઊમિયા કોમ્પ્લેક્ષમાં તસ્કરોનો તરખાટ

## ઈલેક્ટ્રીકની બે દુકાનો અને બાઈકના શો રૂમના તાળા તોડયા : સીસીટીવી કેમેરાના ફુટેજ સ્ટોર થાય તે ડીવીઆર મશીન પણ ચોરી ગયા : એક બાઈક સહિત રૂ. ૫૩ હજારની મત્તાની ચોરી


ગાંધીનગર, તા.૨૭

શિયાળાની ઠંડી શરૂ થતા જ શહેર તથા આસપાસના વિસ્તારોમાં તસ્કર ટોળકી બેફામ બની ગઈ છે. કુડાસણ સ્થિત ઊમિયા કોમ્પ્લેક્ષમાં ગઈ રાત્રીએ ત્રાટકેલા તસ્કરોએ પાંચ દુકાનોના તાળા તોડી રીતસરનો તરખાટ મચાવી પોલીસના નાઈટ પેટ્રોલીંગની વાતોને પોકળ સાબિત કરી ગયા છે. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરુ કરી છે.

કુડાસણ ખાતે આવેલ ઊમિયા શોપીંગ કોમ્પ્લેક્ષમાં રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ પાંચ દુકાનોના તાળા તોડી તસ્કરી કરી હતી. સે-૨૬ કિસાનનગર ખાતે રહેતા જગદીશકુમાર બાબુભાઈ પટેલની ઊમિયા કોમ્પ્લેક્ષમાં આવેલી સી-૫ નંબરની ઈલેક્ટ્રીકની દુકાનનું તાળુ તોડી અંદર પડેલું સ્પ્લેન્ડર પ્લસ બાઈક, કાઉન્ટરમાં મુકેલા રૂ. ૨૧ હજાર રોકડા તથા સીસીટીવી કેમેરાનું ફુટેજ જયાં સ્ટોર થાય તે ડીવીઆર મશીન ચોરી લીધું હતું. તે ઉપરાંત બાજુમાં આવેલી બી-૨ નંબરની કનુભાઈ રમણભાઈ ઠાકોરની દુકાનનું તાળુ તોડીને અંદરથી ડીવીઆર મશીન અને કાઉન્ટરમાંથી રૂ. ૪૫૦૦ રોકડા ઉઠાવી લીધા હતા તે ઉપરાંત તેની બાજુની બી-૧ નંબરની કનુભાઈ અંબાલાલ પટેલની દુકાનનું તાળુ તોડી અંદર ઘુસીને કાઉન્ટરમાંથી રૂ. ૧૨,૫૦૦ રોકડા ચોરી ગયા હતા. તે ઉપરાંત અન્ય એક દુકાન અને એક બાઈકના શો રૂમનું તાળુ તુટયું હતું. જેમાંથી કાંઈ ગયું નથી. ઈન્ફોસીટી પોલીસે રૂ. ૫૩ હજારની મત્તાની ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અદશ્યમ નાટક રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● શિવકથા વિરામ પ્રસંગે યજ્ઞ સ્વરૂપે શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ બપોરે ૨.૦૦ કલાકે અંબાજી મંદિર, શોપીંગ સેન્ટર સામે, સે-૨૮ ગાંધીનગર ખાતે યોજાશે.

### શહેર પેન્શનર્સ સમાજની ૨૯મીએ કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા અમૃત મહોત્સવ ૨૦૧૬ કાર્યક્રમ અંગે માઈક્રોપ્લાનીંગ આખરી કરવાની કારોબારી સમિતિની ખાસ બેઠક તા. ૨૯મી ડીસેમ્બરે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ સે-૨૨ ગાંધીનગર ખાતે સાંજે ચાર વાગે યોજવામાં આવનાર છે. મહત્વની બેઠકમાં પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજરી આપવા માટે પ્રવરમંત્રીશ્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

### ડૉ. આંબેડકર ઓપન યુનિ.માં ડિસ્ટન્સ લર્નિંગ કોર્સની પ્રવેશ પ્રક્રિયા

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. દ્વારા ડિસ્ટન્સ લર્નિંગ ૭૦થી વધુ કોર્સમાં પ્રવેશ માટે પ્રક્રિયા ચાલુ છે. અધવચ્ચે અભ્યાસ છોડી ગયેલા માટે સીધી ધો-૧૨ના લેવલ બીપીપીની પરીક્ષા તેમજ અન્ય અભ્યાસક્રમ જેવા કે બીએ, બીકોમ, એમએ, સીસીસીડી, સીએફએન તથા અન્ય કોર્ષ માટે સત્વરે સંપર્ક કરવો. પ્રવેશ માટેની અંતિમ તારીખ ૩૧-૧૨-૨૦૧૬ છે તો આઈ.વાય.ડી.એ. શાંતિનિકેતન માધ્યમિક શાળા, સે-૨૯-ગાંધીનગર કેન્દ્ર કોડ-૦૫૦૬નો સંપર્ક કરવા પ્રવેશ હિતેચ્છુકોને જણાવવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આદિવાડાના બાળકોને સ્વેટર વિતરણ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ હાડ થિજાવતી ઠંડી



પડી રહી છે. શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સહયોગથી આદિવાડાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ થી વધુ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. કડકડતી ઠંડીમાં બાળકોને સ્વેટર રૂપી હુંફ મળતા તમામના ચહેરા પર આનંદ છવાયો હતો.

ઉત્તરીય ભારતમાં અત્યારે હાલ થઈ રહેલી હિમવર્ષાને કારણે ઠંડીનું મોજું સમગ્ર ગુજરાતમાં ફરી વળ્યું છે. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીએ જોર પકડતા પાટનગર રાજયનું સૌથી ઠંડુગાર શહેર બન્યું છે. શહેરમાં પડી રહેલી ઠંડીને પગલે નગરજનો સાંજ ઢળતા જ ઘરમાં પ્રવેશી જાય છે. જયારે દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સુસવાટા મારતા પવનોને કારણે ઠંડીનો ચમકારો નાગરીકોને અનુભવાય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં શ્રમિક પરિવારોની સંખ્યાનું પ્રમાણ વધુ છે. શહેરના માર્ગોની આસપાસ આવેલ ફુટપાથ તેમજ વનવિભાગની જગ્યામાં છાંપરા બાંધીને વસવાટ કરતા પરિવારોમાં નાના બાળકોની હાલત દયનીય બની જવા પામે છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ અને સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલના સહયોગથી આદિવાડા વિસ્તારમાં ઠંડીમાં ઠુંઠવાતા ૧૦૦ થી વધુ બાળકોને સ્વેટરરૂપી હુંફ પુરી પાડવામાં આવી છે. આદિવાડાની શાળામા અભ્યાસ કરતા નાના બાળકોને પણ સ્વેટર મળતા ચહેરા પણ અનોખી ખુશી જોવા મળી હતી. જયારે ઠંડીના સમયમાં ગરમ વસ્ત્રોનું દાન કરીને સોરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને કોર્પોરેટર દ્વારા સમાજમાં ઉત્તમ ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં શ્રમિક પરિવારોને અનેક સેવાકીય સંસ્થાઓ અને સેવાભાવી નાગરીકો દ્વારા શિયાળાના સમયે રાત્રીના સમયે ફરી ફરીને સેકટરોમાં ખુલ્લામાં સુઈ રહેલા નાગરીકોને સ્વેટર અને ધાબળાનું વિતરણ કરીને હુંફ પુરી પાડવામાં આવે છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં શ્રમિક પરિવારોને ઠંડીથી રક્ષણ મળે છે.

## શહેરની હોસ્પિટલમાં ઓનલાઈન એપોઈમેન્ટ સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજથી ઓનલાઈન એપોઈમેન્ટ સેવાનો પ્રારંભ થઈ ગયો છે. રાજય આરોગ્યમંત્રીના હસ્તે ઓનલાઈન રજીસ્ટ્રેશન સેવાનો આરોગ્યમંત્રીના હસ્તે શુભારંભ કરાયો હતો. સમગ્ર રાજયની સરકારી હોસ્પિટલોમાં ઓનલાઈન રજીસ્ટ્રેશનની સેવા આપનાર ગાંધીનગરની હોસ્પિટલ પ્રથમ ક્રમે છે. આ સેવાનો પ્રથમ ૩ ટેકનોસેવી દર્દીઓએ લાભ લીધો હતો. દર્દીઓને આ સેવા તમામ વિભાગોમાં ઓપીડી બિલ્ડીંગમાં સવાર-સાંજ મળી રહેશે તેવી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજીટલ ઈન્ડીયાના સપનાને સાકાર કરવા ગુજરાત રાજયના નાગરીકોનું સશકિતકરણ કરવામાં આવી રહ્યું છે. ઓનલાઈન હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ સેવા પાયલોટ પ્રોજેકટ તરીકે સૌ પ્રથમવાર ગાંધીનગરની હોસ્પિટલમાં શરુ કરવામાં આવી છે. જેમાં ઓપીડી બિલ્ડીંગમાં સામાન્ય દર્દીઓની સાથો સાથ દોઢ કલાક આ ઓનલાઈન ઓપીડી કાર્યરત રહેશે. આ સેવાથી રાહ જોવાના સમયમાં ઘટાડો થશે, નિશ્ચિત સેવા મળશે અને આ સેવા મોબાઈલ અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરતો દરેક વ્યકિત મેળવી શકશે. આ સેવા મેળવવા માટે ડબલ્યુડબલ્યુડબલ્યુ. હોસ્પિટલએપોઈન્ટમેન્ટ.ગુજરાત.જીઓવી.ઈન પર દર્દીએ લોગઈન થવાનું રહેશે . ત્યારબાદ હોસ્પિટલ અને વિભાગ પસંદ કરવાનો રહેશે. આ કામગીરી કર્યા બાદ સમય અને તારીખ પસંદ કરો ત્યારબાદ તમારા અનુકુળ સમયે તમારા ડોકટરને એપોઈન્ટમેન્ટ આઈડી સાથે હોસ્પિટલની મુલાકાત કરવાની રહેશે. આ સેવાનો શહેરની હોસ્પિટલમાં આજથી પ્રારંભ થઈ ચુક્યો છે. આજે પ્રથમ દિવસે ૩ દર્દીઓએ લાભ લીધો છે. આગામી સમયમાં તંત્ર દ્વારા વધુ ટેકનોસેવી દર્દીઓ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સેવાનો લાભ લઈ શકે તે દિશામાં કામગીરી ચાલી રહી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સે-૧૨ની પ્રાથમિક શાળામાં નોટપેડ અને નાસ્તાના વિતરણનું સેવા કાર્ય હાથ ધરાયું હતું. આ સેવા કાર્યમાં મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલના સુપુત્રી જીજ્ઞા રાવલ દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### આજે સેકટર-૪માં આધારકાર્ડ કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૪ના વસાહતીઓના લાભાર્થે ઓમકારેશ્વર મહાદેવ સેકટર-૪ ખાતે તા. ૨૮મી ડીસેમ્બરના રોજ સવારે દસ વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી આધારકાર્ડ કેમ્પ યોજાશે. ઓમકારેશ્વર મહાદેવ ટ્રસ્ટના પ્રમુખશ્રી જગદીશભાઈ રાવળ, વોર્ડ નં. ૮ના પ્રમુખશ્રી મેહુલભાઈ પટેલ અને કોર્પોરેટર શ્રીમતી પ્રવિણાબેન વોરા આધારકાર્ડ કેમ્પને સફળ બનાવવા પ્રયત્નો કરી રહ્યા છે.

વિશેષમાં સપ્ટેમ્બર માસમાં નવ દિવસ સુધી આધારકાર્ડ કેમ્પ યોજી મોટી સંખ્યામાં વસાહતીઓને આધારકાર્ડ અપાવવામાં આવ્યા હતા. આજે પણ મોટી સંખ્યામાં આધારકાર્ડ કેમ્પનો લાભ લેવા વસાહતીઓને જણાવવામાં આવ્યું છે.

### સચિવાલય આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

તાજેતરમાં સચિવાલય કલ્યાણ સમિતિ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આંતર વિભાગીય કેરમ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કર્મચારી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો.

જેમાં પુરુષ સિંગલ્સમાં સામાન્ય વહીવટ વિભાગના વિનોદકુમાર ટી. જોષી વિજેતા થયા હતા અને ઉદ્યોગ-ખાણ વિભાગના ઈરફાન લાલીવાલા ઉપ વિજેતા થયા હતા. જયારે મહિલા સિંગલ્સમાં નર્મદા અને કલ્પસર વિભાગના શ્રીમતી જયશ્રીબેન શાહ વિજેતા તથા તે જ વિભાગના શ્રીમતી કિર્તીબેન મહેતા ઉપવિજેતા થયા હતા.

પુરુષ ડબલ્સ કેરમ સ્પર્ધામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના શ્રી સુરેશ પરમાર અને શ્રમ અને રોજગાર વિભાગના શ્રી અરવિંદ મકવાણા વિજેતા થયા હતા. જયારે સામાન્ય વહીવટ વિભાગના દત્તાત્રેય ડી. મોઝર અને વિનોદકુમાર ટી. જોષી ઉપવિજેતા થયા હતા. મહિલા ડબલ્સ કેરમ સ્પર્ધામાં નર્મદા અને કલ્પસર વિભાગના શ્રીમતી જયશ્રીબેન શાહ અને શ્રીમતી કિર્તીબેન મહેતા વિજેતા થયા હતા. જયારે મહેસુલ વિભાગના શ્રીમતી દક્ષાબેન દેશમુખ અને શ્રીમતી શીતલબેન પટેલ ઉપવિજેતા થયા હતા.

## સે-૨૯ની પ્રાથમિક શાળામાં આનંદમેળો યોજાયો

ગાંધીનગર, તા.૨૭

તાજેતરમા શાંતિ નિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા, સે-૨૯ દ્વારા આનંદમેળાનું આયોજન શાળાના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. સવારે પ્રાર્થના બાદ ૯.૦૦ કલાકે આચાર્યના હસ્તે આનંદમેળો ખુલ્લો મુકાયો હતો. જેમાં જુ.કે.જી.થી માંડીને ધો-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા ખાણી-પીણીના ૧૧ સ્ટોલ તથા જુદી જુદી રમતોના સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાણી-પીણીના સ્ટોલમાં બાળકો દ્વારા બનાવેલ વિવિધ વાનગીઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ સ્ટોર, પોપકોન, ફ્રુટ સલાડ, દાદીમાનું ખીચું, બટાકા ભૂગળા, ચટપટા ચણા, સમોસા, ચાટપુરી, ભેળ, નાયલોન ખમણ, પકોડી વગરેના સ્ટોલ દ્વારા વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. શાળાના અન્ય વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રમતો જેવી કે આંધળાનો ગોળીબાર, નસીબ અપના અપનાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના વાલીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આનંદમેળાનો સફળ બનાવવા શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સે-૨૬ સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૨૭

સમસ્ત બ્રહ્મ સમાજ, સે-૨૬ પાંખ દ્વારા તા. ૨૫ ડિસેમ્બર ૨૦૧૬ને રવિવારના રોજ વિક્રમ સંવત ૨૦૭૩નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો. આ શુભ પ્રસંગે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬, ગાંધીનગરના તમામ કારોબારી સભ્યો અને ૪૦૦થી વધુ બ્રહ્મબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રમુખ કેતન પંડયાએ તમામ સભ્યો, કારોબારી તથા સલાહકાર સભ્યો તેમજ સે-૨૬ના તમામ બ્રહ્મબંધુઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆત સત્યનારાયણ ભગવાનની કથા સાથે કરવામાં આવી હતી. જેમાં યજમાન પદે પ્રફુલ્લભાઈ પંડયા, નિતિનભાઈ જોશી તથા દિવ્યેશભાઈ શાસ્ત્રી બેઠા હતા. આ કાર્યક્રમમાં કુ. અલ્પાબેન રાજગુરુ જાદુગરના હેરતભર્યા જાદુ પ્રયોગનો કાર્યક્રમ બાળકોના મનોરંજન અર્થે રાખવામાં આવ્યો હતો અને તેમણે તેમની અદભુત જાદુની કળા દ્વારા તમામ બ્રહ્મબંધુઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને એક આહલાદક જાદુઈનગરીનું નિર્માણ કર્યું હોય તેવું આબેહુબ ચિત્ર પ્રદર્શિત કર્યું હતું.

કાર્યક્રમની પૂર્ણાહુતી સમુહ ભોજન સાથે થઈ હતી. પ્રાસંગિક પ્રવચન દરમિયાન પ્રમુખ કેતન પંડયાએ જણાવ્યું છે કે આવા પ્રોગ્રામ સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા દર વર્ષે યોજવામાં આવે છે. જેમાં બ્રહ્મબંધુઓ સહ પરિવાર હાજર રહે છે અને આવા કાર્યક્રમોથી સે-૨૬ બ્રહ્મસમાજના બ્રહ્મબંધુઓ એક બીજા સાથે એક પરિવારની લાગણીથી જોડાયેલા રહે છે.

# ઠંડીની જમાવટ થતા કચરીયાનો સ્વાદ હોઠે લાગ્યો

## મસાલાવાળું અને કાળા તલનું સ્વાદિષ્ટ કચરીયું વેચાણમાં સૌથી વધુ : સીંગ અને તલની ચિકીની માંગ પણ વધારે : સિઝનેબલ ખોરાકને પ્રાધાન્ય

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડીએ જમાવટ કરતાં લોકો પણ સામે સાવચેત બન્યા છે. ઠંડી સામે રક્ષણ મેળવવા ગરમ વસ્ત્રો સાથે ગરમાવો પેદા થાય તેવો ખોરાક પણ લેવા માંડયા છે. જેમાં લોકપ્રિય કચરીયું સૌથી વધુ આરોગાઈ રહ્યું છે. સસ્તુ અને શરીર માટે સારું એવું કચરીયું સુકામેવાના મિશ્રણ થકી સ્વાદિષ્ટ બની લોકોને કોઠે પડી ગયું છે. નજર સમક્ષ જ તૈયાર થતા આ ખાદ્ય પદાર્થની માંગમાં અચાનક જ વધારો થઈ ગયો છે અને સાથે તલ અને સીંગ ચિકી સહિત અન્ય ખાદ્ય વસ્તુઓ પણ ચપોચપ વેચાઈ રહી છે. વધુમાં ગત વર્ષ અને હાલ આ ખાદ્ય સામગ્રીના ભાવ સમાન જ રહ્યા હોઈ લોકો પણ આ સિઝનેબલ ખોરાકને પ્રાધાન્ય આપી રહ્યા છે.

શિયાળો એ તમામ ઋતુઓમાં શ્રેષ્ઠ ઋતુ ગણાય છે. વળી શરીરની તંદુરસ્તી અને શરીર સૌષ્ઠવ મટે આ સિઝન ખૂબ જ ફળદાયી મનાય છે. કહેવાય છે કે શિયાળામાં ખોરાક વધુ લેવાય છે તેમજ પાચન ક્રિયા પણ ઝડપી બને છે જેથી શરીરને પૌષ્ટિક તત્વો મળી રહે તેવા ખોરાક લેવાય તેવું આ સિઝનમાં આયોજન કરવું જોઈએ. જેમાં ઠંડીએ જમાવટ કરી લેતા હાલ ચાલી રહેલી સિઝનમાં સળવળાટ પેદા થયો છે અને લોકો ગરમી પ્રાપ્ત કરવા અવનવા માર્ગો શોધી રહ્યા છે. ગરમ વસ્ત્રો સાથે ગરમ ખાદ્ય પદાર્થોનું સેવન પણ થવા લાગ્યું છે. શહેરમાં વેચાણ થતું કચરીયું એ દરેક વર્ગ માટે શ્રેષ્ઠ પર્યાય બની રહ્યું છે અને તેથી જ કચરીયાના



વેચાણમાં વધારો થયો છે. વિવિધ પ્રકારના કચરીયા ઉપલબ્ધ બન્યા છે. જેમાં સફેદ તલનું કચરીયું, કાળા તલનું કચરીયું અને મસાલા સાથેનું કચરીયું સ્વાદિષ્ટ લાગતું હોવાનો લોકમત ઉભો થયો છે.

માર્ગ નં. ૬ ઉપર આવેલા અંબિકા તેલ ઘાણીમાં સવારથી જ કચરીયા માટે લોકો ઉમટી રહ્યા છે સાથે સીંગ અને તલ ચિકી અને અન્ય વિવિધ ઉત્પાદનો પણ ખરીદી રહ્યા છે. આ સ્થળે સફેદ તલના કીલો કચરીયાનો ભાવ રૂ. ૧૪૦ છે જયારે કાલા તલમાં તે ભાવ રૂ. ૧૬૦ છે અને મસાલાવાલા સફેદ તલના કચરીયાનો ભાવ રૂ. ૧૮૦ તથા મસાલાવાળા કાલા તલના કચરીયાનો ભાવ રૂ. ૨૦૦ છે. જે ગત વર્ષે પણ આ જ ભાવ રહ્યા હતા. કચરીયામાં કાજુ, દ્રાક્ષ, બદામ જેવા સુકામેવાનો પણ ઉપયોગ કરી સ્વાદિષ્ટ બનાવાય છે. તો વળી તલના તેલની માંગ પણ એટલી જ રહે છે. ગરીબ, મધ્યમ અને ધનાઢય વર્ગ પણ આ સ્વાદિષ્ટ કચરીયાનો એકવાર સ્વાદ માણ્યા પછી વારંવાર તે સ્વાદ માણવા પ્રેરાય છે. જેમ જેમ ઠંડીની જમાવટ થતી જશે તેમ તેમ માંગ વધશે તેવું ટી.કે. પટેલે જણાવ્યું છે. જો કે શિયાળાની સિઝનમાં આ સિઝનેબલ ખાદ્ય પદાર્થ શરીર માટે શ્રેષ્ઠ હોવાનો મત પણ લોકો વ્યકત કરી રહ્યા છે.

## ચૂંટણીની પૂર્વ સંધ્યાએ ખોરજ ગામમાંથી દારૂ ભરેલી કાર મળી

### વિદેશી દારૂનો જથ્થો ભરેલી બિનવારસી પડેલી મારૂતી ફ્રંટી કાર જપ્ત

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલા ખોરજ ગામની સીમમાં વિદેશી દારૂની બોટલોનો જથ્થો ભરેલી મારૂતી ફ્રંટી કાર બિનવારસી હાલતમાં પડી હોવાની માહિતી ગઈ સાંજે અડાલજ પોલીસને મળતા પોલીસે દરોડો પાડી કાર પાસે જઈ તપાસ કરી હતી. બિનવારસી હાલતમાં પડેલી જીજે ૧ એચ.એમ. ૧૭૦૩ નંબરની મારૂતી ફ્રંટી કારમાં તપાસ કરતા તેમાંથી પોલીસને ૯૫ નંગ વિદેશી દારૂની બોટલોનો જથ્થો મળી આવતા પોલીસે દારૂ તથા કાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. મતદારોને રીઝવવા માટે દારૂનો જથ્થો લવાયો હોવાની શંકાને આધારે અડાલજ પોલીસે તપાસ શરૂ કરી કારના નંબર પરથી તેના માલિક સુધી પહોંચવા ગતિવિધિ તેજ કરી છે. પીએસઆઈ આઈ.ડી. દેસાઈએ ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. નારણભાઈ મગનભાઈ પરમાર, ઉ.વ. ૭૨
- સ્વ. પ્રતાપસિંહ છગુજી રાણા, ઉ.વ. ૭૦
- સ્વ. બાબુરામ ખચુ રાજપૂત, ઉ.વ. ૪૫
- સ્વ. કુબેરસિંહ ઉદાજી બિહોલા, ઉ.વ. ૮૧
- સ્વ. હંસાબેન કલ્પેશભાઈ ચૌહાણ, ઉ.વ. ૫૨